| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૦૭/૦૫/૨૦૨૨ |
| રજિસ્ટર તારીખ | :– ૦૭/૦૫/૨૦૨૨ |
| નિકાલ તારીખ | :– ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ માસ દિવસ** |
| | **૦૩ ૧૦ ૦૬** |

**ગાંધીધામના મહે. ત્રીજા અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તા. ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી કેસ નંબર : ૧૬૧૩/૨૦૨૨**

(ગાંધીધામ 'બી' ડીવી. પો.સ્ટે.ના ગુના રજિ.નં...૦૧૮૫/૨૦૨૨)

**આંક : – ૨૭**

**ફરીયાદી : શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપીઓ :–**

**(૧) ગણપતભાઈ સોમાભાઈ દેવીપુજક (જીજુવાડીયા),**
ઉ.વ.આ.૪૦, ધંધો–ડ્રાઈવીંગ,

**(૨) વિક્રમભાઈ ગણપતભાઈ દેવીપુજક (જીજુવાડીયા),**
ઉ.વ.આ.૩૮, ધંધો–પ્રાઈવેટ નોકરી,

**(૩) દિલીપભાઈ ગણપતભાઈ દેવીપુજક (જીજુવાડીયા)**
ઉ.વ.આ.૨૧, ધંધો–મજુરી,

તમામ રહે. કાર્ગો આઝાદનગર ઝુંપડા, મદ્રાસીના ઝુપડાની બાજુમાં, તાલુકો–ગાંધીધામ–કચ્છ.
તમામ મુળ રહે. બાસ્પા, તા.સીમી,
જીલ્લો–પાટણ.

**ફરીયાદ પક્ષ તરફે વિ. એપીપીશ્રી એમ.એ.કોટક.**
**આરોપીઓ તરફે વિ. વકીલશ્રી એમ.ટી.આહિર.**

**ગુનો:** **ભારતીય દંડ સંહિતાની કલમ:૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો.**

**– : : <u>ચુકાદો</u> : : –**

(૧) આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદી તેમના સાળાના ઘરે કાર્ગો આઝાદનગર ગાંધીધામ આવેલ હતા અને આ કામેના ફરિયાદીના પત્ની ગંગાબેન સાથે આ કામેના સામાવાળા નં. ૧ વાળો બોલાચાલી કરી માં–બેન સામી ભુંડી ગાળો આપતો હોઈ અને આ કામે સાહેદ તથા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામેના આરોપી નં. ૨ વાળા એ તેમના હાથમાં ધારીયુ લઈ આવી ફરિયાદીના ડાબા હાથ ઉપર મારેલ તેમજ આરોપી નં. ૩ વાળાએ તેના હાથમાં રહેલ લોખંડનો પાઈપ આ કામેના ફરિયાદીના કમરના ભાગે તથા સાહેદ વચ્ચે પડી છોડાવા જતા આ કામેના આરોપી નં. ૧ વાળાએ સાહેદ ગંગાબેનને હાથ થી ધકબુશટનો માર તથા આરોપી નં. ૩ વાળાએ સાહેદ ના પીઠના ભાગે પાઈપ મારી મુંઢ ઈજા કરી ફરિયાદી તથા સાહેદોને માં–બેન સમી ભુડી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો ગાંધીધામ 'બી' ડીવી. પો.સ્ટે.ના ગુના રજિ.નં...૦૧૮૫/૨૦૨૨ નો નોંધાયેલો જે કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ હાલનું આ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરેલું છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આંક –૦૫

થી આંક–૦૭ ના  નિવેદનથી આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ નીલેશ દેવાભાઈ ગોહીલની જુબાની | ૦૮ |
| ૨ | ફરિયાદી રાજુ લક્ષ્મણ દેવીપુજકની જુબાની | ૨૧ |
| ૩ | સાહેદ ગંગાબેન રાજુભાઈ દેવીપુજકની જુબાની | ૨૩ |
| ૪ | સાહેદ નાથાભાઈ અમથુભાઈ દેવીપુજકની જુબાની | ૨૪ |
| ૫ | સાહેદ જબીબેન નાથાભાઈ દેવીપુજકની જુબાની | ૨૫ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૨ | અસલ ફરિયાદ | ૨૨ |

(૪) ફરીયાદ પક્ષે ફરીયાદી દવારા આંક – ૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો ન હોવાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આરોપીઓનું સી.આર.પી.સી. કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રજુ થયેલ ન હોઈ જેથી આરોપીઓનું વિશેષ નિવેદન (એફ.એસ.) લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.** **(૧).** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી તેમના સાળાના ઘરે કાર્ગો આઝાદનગર ગાંધીધામ આવેલ હતા અને આ કામેના ફરિયાદીના પત્ની ગંગાબેન સાથે આ કામેના સામાવાળા નં. ૧ વાળો બોલાચાલી કરી માં–બેન સામી ભુંડી ગાળો આપતો હોઈ અને આ કામે સાહેદ તથા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામેના આરોપી નં. ૨ વાળા એ તેમના હાથમાં ધારીયુ લઈ આવી ફરિયાદીના ડાબા હાથ ઉપર મારેલ તેમજ આરોપી નં. ૩ વાળાએ તેના હાથમાં રહેલ લોખંડનો પાઈપ આ કામેના ફરિયાદીના કમરના ભાગે તથા સાહેદ વચ્ચે પડી છોડાવા જતા આ કામેના આરોપી નં. ૧ વાળાએ સાહેદ ગંગાબેનને હાથ થી ધકબુશટનો માર તથા આરોપી નં. ૩ વાળાએ સાહેદ ના પીઠના ભાગે પાઈપ મારી મુંઢ ઈજા કરી ફરિયાદી તથા સાહેદોને માં–બેન સમી ભુડી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. શ્રી ડી.એમ. સાહેબ ભુજ–કચ્છના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો અદાલતની હકુમતમાં કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧).** **નકારમાં.**

**મુદ્દા નં. (૨). આખરી હુકમ મુજબ.**

**(૮) મુદ્દા નં.૧ : –**

ફરિયાદ પક્ષે આંક–૨૧ થી ફરિયાદી રાજુ લક્ષ્મણ દેવીપુજક નાઓને તપાસેલ છે જેઓ પુરાવો આપે છે કે, બનાવ આશરે ૩–૪ વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેઓને અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહીં અને તેઓ વિશેષમાં બીજુ કાઈ કહેવા માંગતા નથી. બનાવ વખતે તેઓએ પોલીસ રુબરુ ફરિયાદ આપેલી જે ફરિયાદની અસલ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખીછ બતાવી આંક–૨૨ થી કામમાં સામેલ રાખેલ છે. આ કામના આરોપી કોર્ટમાં હાજર છે તેમને તેઓ જોયેથી ઓળખી શકે.

ફરીયાદ પક્ષના ફરીયાદી કેસને સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા ફરીયાદી તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આરોપીપક્ષ તરફે સદર ફરિયાદીની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, તેઓના અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓએ તેઓને ભુડી ગાળો આપેલ હોય એવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનુ નામઠામ પુછેલું અને તેઓનું ફરિયાદ નોંધેલી અને ફરિયાદમાં તેઓની સહી લીધેલ અને ફરિયાદમાં શું લખેલ છે તે તેઓને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, જે તે સમયે ઘણા બધા માણસો ભેગા થઈ જવાથી ધકકા મુકીમાં તેઓ પડી ગયેલ અને તેઓને ઈજા થયેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ તેઓને કોઈપણ જાતના હથીયાર વડે ઈજા કરેલ હોય તેવું

બનેલ નથી.

આમ, સદર ફરિયાદીની સમગ્ર જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરિયાદપક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપીપક્ષની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષની હકિકતને સમર્થનરુપ કોઈ જ બાબતો જણાવેલ નથી. જેથી આંક–૨૨ વાળી ફરિયાદ ફરિયાદપક્ષ સાબીત કરવામાં તદન નિષ્ફળ નિવડેલ છે.

(૯) ફરીયાદ પક્ષે આંક –૨૩ થી સાહેદ ગંગાબેન રાજુભાઈ દેવીપુજક તથા આંક–૨૪ થી સાહેદ નાથાભાઈ અમથુભાઈ દેવીપુજક તથા આંક–જબીબેન નાથાભાઈ દેવીપુજકનાઓને તપાસેલા છે જેઓ સંયુકત પુરાવો આપે છે કે, બનાવ આશરે ૩–૪ વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેઓને અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહીં અને તેઓ વિશેષમાં બીજુ કાઈ કહેવા માંગતા નથી. બનાવ બાબતે ફરિયાદીએ ફરિયાદ આપેલી અને પોલીસે તેઓનું નિવેદન લીધેલું આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર છે તેમને તેઓ જોયેથી ઓળખે છે.

ફરીયાદ પક્ષના સદર સાહેદો કેસને સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આરોપીપક્ષે તેમના વિ.વ.શ્રી સદર સાહેદોની ઉલટતપાસ લેવામાં આવેલ છે તેમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓએ તેઓને ભુડી ગાળો આપેલ હોય એવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે પોલીસે ફકત તેઓનું નામ ઠામ પુછેલું

અને તેઓનું નિવેદન નોંધેલું પણ નિવેદનમાં શું લખેલ તે તેઓને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, જે તે સમયે ઘણા બધા માણસો ભેગા થઈ જવાથી ધક્કા મુકીમાં તેઓ પડી ગયેલ અને ફરિયાદી તથા તેઓને ઈજા થયેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ તેઓને કોઈ જાતના હથીયાર વડે ઈજા કરેલ હોય એવું બનેલ નથી.

આમ, સદર સાહેદોની સમગ્ર જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરિયાદપક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપીપક્ષની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષની હકિકતને સમર્થનરુપ કોઈ જ બાબતો જણાવેલ નથી. જેથી ફરિયાદીની ફરિયાદ ફરિયાદપક્ષ સાબીત કરવામાં તદન નિષ્ફળ નિવડેલ છે.

(૧૦) ફરીયાદ પક્ષે આંક –૦૮ થી પંચ સાહેદ નીલેશ દેવાભાઈ ગોહીલનાઓને તપાસેલા છે જેઓ પુરાવો આપે છે કે, તેઓ બી ડીવી. પો.સ્ટે. માં તેઓને પોલીસ બોલાવતા ગયેલા ત્યાં તેઓની એક તૈયાર કાગળમાં સહી કરાવેલી તે કાગળમાં શું લખેલું હતું તેની તેઓને ખબર નથી. તેઓને બનાવવાળી જગ્યાના પંચનામાની ખરીનલક બતાવવામાં આવે છે જે જોઈને કહે છે તેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૦૯ થી કામમાં સામેલ રાખેલ છે.

ફરીયાદ પક્ષના સદર પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થન કારી જુબાની આપેલ ન હોઈ તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આરોપીપક્ષે તેમના વિ.વ.શ્રી સદર પંચ સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે તેમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર

પંચનામામાં સહી કરી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**(૧૧)** ફરિયાદ પક્ષે રજૂ પુરાવો ધ્યાને રાખતાં તથા પુરાવાનું મુલ્યાંકન કરતા આંક–૨૧ થી ફરિયાદી રાજુ લક્ષ્મણ દેવીપુજક તથા આંક–૨૩ થી સાહેદ ગંગાબેન રાજુભાઈ દેવીપુજક તથા આંક–૨૪ થી સાહેદ નાથાભાઈ અમથુભાઈ દેવીપુજક તથા આંક–૨૫ થી જબીબેન નાથાભાઈ દેવીપુજકનાઓને તપાસવામા આવેલ છે અને તેઓ સંયુકત પુરાવો જોવામાં આવે તો તેઓએ આંક–૨૨ વાળી ફરિયાદમાં જણાવ્યા મુજબની હકિકતોને સમર્થનરુપ પુરાવો રજુ રાખેલ નથી અને એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને આં ક–૦૮ થી પંચ સાહેદ નીલેશ દેવાભાઈ ગોહીલનો પુરાવો જોવામાં આવે તો તેઓએ આંક–૦૯ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાની હકિકતને લેશ માત્ર સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી તેમજ સદર કામે ફરિયાદીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે તેઓએ ફરિયાદપક્ષની હકિકતને સમર્થન આપેલ નથી જેથી આંક–૨૨ વાળી ફરિયાદ પુરવાર થતી નથી. જેથી માત્ર રજુ કરવા માત્રથી ફરીયાદમાં જણાવેલ હકિકતો પુરવાર થતી નથી. વધુમાં આ કામે ફરીયાદી, સાહેદો તથા પંચ સાહેદએ ફરીયાદપક્ષની હકિકતને સમર્થનકારી રુપ કોઈ પુરાવો રજુ રાખેલ નથી. આમ, હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી, તેથી આરોપીઓને હાલના ગુનામાં સાંકળી, તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવાના તારણ ઉપર આ અદાલત આવેલ છે અને મુદ્દા નં. ૨ અન્વયેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** આ કામે આરોપીઓ **(૧) ગણપતભાઈ સોમાભાઈ દેવીપુજક (જીજુવાડીયા),** ઉ.વ.આ.૪૦, ધંધો–ડ્રાઈવીંગ,**(૨) વિક્રમભાઈ ગણપતભાઈ દેવીપુજક (જીજુવાડીયા),**ઉ.વ.આ.૩૮, ધંધો–પ્રાઈવેટ નોકરી,**(૩) દિલીપભાઈ ગણપતભાઈ દેવીપુજક (જીજુવાડીયા),** ઉ.વ.આ.૨૧, ધંધો–મજુરી,તમામ રહે. કાર્ગો આઝાદનગર ઝુંપડા, મદ્રાસીના ઝુપડાની બાજુમાં, તાલુકો–ગાંધીધામ–કચ્છ,તમામ મુળ રહે. બાસ્પા, તા.સીમી, જીલ્લો–પાટણનાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧)** અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી પુરતા પુરાવાઓના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીના મૂળ ખત–જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

**(૩)** મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૩–મી, માહે : માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ:– ૧૩/૦૩/૨૦૨૬
ગાંધીધામ – કચ્છ.

**(મીસ. પરાગી કૃષ્ણકુમાર વ્યાસ )**
ત્રીજા અધીક ચીફ જયુ. મેજીસ્ટ્રેટ
ગાંધીધામ – કચ્છ.
(જી.જે. ૦૦૬૪૩)